જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૯/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૫૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૪૯	૫	૧૧૬૫૪	૧૭૭૬૦	૫	૧૭૭૬૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૮	૦	૧૦૮	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૦૫૫૭	૪૪	૭૦૬૦૧	૭૧૫૨૬	૪૭	૭૧૫૭૩
કુલ		૮૭૦૪૭	૪૯	૮૭૦૯૬	૯૫૯૪૨	૫૨	૯૫૯૯૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૦	૩,૭૮,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૦૮	૮,૦૮,૦૦૦/-

સી ટીમની કામગીરી

ચાંદખેડા પોલીસ સ્ટેશન

બે બાળકોને ગણતરીના કલાકોમાં તેના વાલી વારસ સોંપી પ્રસંશનિય કામગીરી કરતી ચાંદખેડા પોલીસ ટીમ સ્ટેશન સી ટીમ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ ગુમ થયેલ/બીનવારસી બાળકોને શોધી તેના વાલી વારસને સોપવા સુચના આપેલ હોય જે સુચના આધારે તા.૦૮/૦૯/૨૦૨૧ના રોજ ચાંદખેડા "સી" ટીમના માણસો ગોદરેજ ગાર્ડન સીટી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં જે દરમ્યાન સાંજના સાતેક વાગ્યાના સુમારે બે બિનવારસી બાળકો મળી આવતાં તેઓને પુછતાં જણાવેલ કે તેઓ તેમના ઘરેથી રમતાં રમતાં નિકળી ગયેલ હોય અને તેમનુ ઘર ક્યા છે તેની ખબર નથી જે બાબતે અમોને જાણ કરતાં અમોએ સી ટીમના માણસોને તેના વાલીવારસને શોધી કાઢવા સુચના આપેલ હોય જે આધારે સી ટીમના માણસોએ બંને બાળકોને સાથે રાખી તેઓએ કહ્યા પ્રમાણે તેઓને ઘરે જતાં જઇ વાલીવારસ અંગે ખંતપુર્વક તપાસ કરતાં તેમના પિતા રાકેશકુમાર હરીરામ મીણા રહે, એ/૦૨, શિવમ બંગ્લોઝ, કોટેશ્વર રોડ, મોટેરા ચાંદખેડા અમદાવાદ શહેર નાઓની પુછપરછ કરતાં તેઓને મયંક તથા માનવ બે જુડવા સંતાન છે જેઓ બપોરે એક વાગે ઘરે આવેલ તે વખતે તેઓ બહાર રમતાં રમતાં નિકળી ગયેલ હતાં જેઓની મે કાલુપુર રેલ્વે સ્ટેશન તેમજ આજુબાજુમાં શોધખોળ કરતાં મળી આવેલ ના હોય જે બંને છોકરા મયંક ઉ.વ.૧૦ તથા માનવ ઉ.વ.૧૦ નાઓને સી ટીમના માણસોએ ગણતરીના કલાકોમાં તેમના માતા-પિતાને સોપી પ્રશંસનીય અને ઉમદા કામગીરી કરવામાં આવેલ છે.

પ્રસંશનિય કામગીરી કરનાર

(૧) મ.સ.ઇ. છબાભાઇ છેલાભાઇ બ.નં.૭૭૫૪

(૨) વુ.લોકરક્ષક અંજુમતીબેન વાલજીભાઇ બ.નં.૮૮૮૦

(૩) વુ.લોકરક્ષક રશ્મિબેન જયદેવભાઇ બ.નં.૨૮૮૪



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૫૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૬૨ વ્યક્તિઓને ઝડપી, ૩૦૯ લીટર દેશી દારૂ, ૩૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૩૫૭ બિયર ટીન, ૨ રિક્ષા, ૪ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૨૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૬૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૬૬૧/૨૦૨૧**

નરોડાઃ દશરથભાઇ શૈલેશભાઇ ભરવાડ (ઉ.વ.૨૮) (રહે. ભરવાડ વાસ નરોડા ગામ નરોડા) એ તા.૧૦/૦૯/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ દશરથભાઈ ભરવાડના ફેસબુક આઇ.ડી. પર બીજા દેશની સ્ત્રી જાતીનુ MMerry Melina નામના ફેસબુક આઈડીના ધારકે ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી દશરથભાઈ ભરવાડ સાથે મિત્રતા કેળવી મોબાઇલ નંબર +૪૪૭૪૨૪૮૨૯૩૪૯ પરથી વોટ્સએપ પર વાત કરી વિશ્વાસમાં લઈ દશરથભાઈ ભરવાડ માટે મોબાઇલ, ઘડિયાળ, પર્ફ્યુમ, સુઝ, લેપટોપની ગિફ્ટ કુરિયર કરી છે તેમ કહી કુરિયરની સ્લિપ મોકલી હતી. ત્યારબાદ મોબાઈલ નંબર +૯૧૮૫૨૨૦૩૭૬૯૬ ના ધારક વાત કરનાર સ્ત્રીએ દશરથભાઈને ફોન કરી દીલ્હી એરપોર્ટ પરથી કસ્ટમ ઓફિસર વાત કરતા હોવાની ઓળખ આપી ગિફ્ટ કુરિયર છોડાવવા માટે અલગ-અલગ ચાર્જ પેટે કુલ રૂપિયા ૧,૦૭,૫૦૦/- ઓનલાઈન ભરાવડાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.ખાંભલા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૬૬૨/૨૦૨૧**

શહેરકોટડાઃ સુમન રણવીરસિંહ રાઠોડ (રહે. પરમેશ્વરનગર રાજીવ ગાંધી ભવન પાછળ સૈજપુર બોઘા) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૧૦/૦૯/૨૦૨૧ કલાક ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની ચેઈન, સોનાની બંગડીઓ નંગ-૪, સોનાની વીંટી નંગ-૪ તથા ચાંદીની ત્રણ જોડી પાયલ મળી કુલ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.ચૌધરી ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુ:- **સમાચાર યાદી નં.૧૬૬૩/૨૦૨૧**

વટવા: વટવા બીબી તળાવ ગ્રીન પાર્ક સોસાયટી નાકા પાસે માહિર માર્કેટીગ નામની દુકાનમાં રહેતા અને દરવાજા ફીટીંગનું કામ કરતા હિમાયતઅલી ઉર્ફે લાલ સ/ઓ સફાતઅહેમદ અન્સારી (ઉ.વ.૨૬) (મુળ વતન. ગામ-નારા તા-મંઝનપુર જી-કોશામ્બી ઉતરપ્રદેશ) તા.૦૯/૦૯/૨૦૨૧ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે વટવા મદનીનગર ખાતે દરવાજો ફીટ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ચેતનભાઇ હરજીભાઇ ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૬૬૪/૨૦૨૧**

ગોમતીપુર: અબ્દુલરફીક સ/ઓ અબ્દુલસત્તાર શેખ (ઉ.વ.૫૫) (રહે. સોનીની ચાલી હાથીખાઈ પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૯/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લાકડાની વળી સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહમદનઇમ નબીમીયા ચલાવે છે.

ઇસનપુર: પીરાજી વાલાજી પ્રજાપતિ (ઉ.વ.૬૦) (રહે. મકાન/દુકાન નંબર-૨,૩ આરતી સોસાયટી ગોવિંદવાડી સામે ઇસનપુર) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૧૦/૦૯/૨૦૨૧ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતના ભાગે લોખંડના પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી